વિદેશ મંત્રાલયે સ્વચ્છતા માટે વિશેષ અભિયાન 6નો તૈયારી તબક્કો હાથ ધર્યો

ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા "સ્વચ્છતા માટે વિશેષ અભિયાન 6"ના અનુસંધાને, વિદેશ મંત્રાલયે તેની તમામ કચેરીઓમાં, જેમાં વિદેશમાં સ્થિત ભારતીય મિશનો/પોસ્ટ્સ તથા પ્રાદેશિક પાસપોર્ટ કચેરીઓનો સમાવેશ થાય છે, આ અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાન બે તબક્કામાં યોજવામાં આવી રહ્યું છે. તૈયારી તબક્કો 15 સપ્ટેમ્બર, 2026 થી 30 સપ્ટેમ્બર, 2026 સુધી રહેશે, ત્યારબાદ અમલીકરણ તબક્કો 02 ઑક્ટોબર, 2026 થી 31 ઑક્ટોબર, 2026 સુધી હાથ ધરવામાં આવશે.

2. તૈયારી તબક્કા દરમિયાન, મંત્રાલય તેની તમામ કચેરીઓ, જેમાં વિદેશમાં સ્થિત મિશનો/પોસ્ટ્સ અને પ્રાદેશિક પાસપોર્ટ કચેરીઓનો સમાવેશ થાય છે, માટે એક વ્યાપક કાર્ય-યોજના તૈયાર કરીને લક્ષ્યાંકો નિર્ધારિત કરી રહ્યું છે. આ લક્ષ્યાંકોમાં રેકોર્ડ્સની સમીક્ષા, પડતર ફરિયાદો, સાંસદો/રાજ્ય સરકારો તરફથી પ્રાપ્ત સંદર્ભો અને સંસદીય ખાતરીઓ, સ્વચ્છતા, કાર્યાલય વ્યવસ્થાપન તથા કાર્યાલય પરિસરની સુંદરતા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

3. આ પ્રવૃત્તિઓ ઉપરાંત, મંત્રાલય તેની તમામ કચેરીઓમાં ઇ-વેસ્ટની ઓળખ કરીને તેનો નિકાલ કરવા તથા સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાની પ્રવૃત્તિઓ હાથ ધરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

4. ત્યારબાદ, 02 ઑક્ટોબર, 2026થી 31 ઑક્ટોબર, 2026 સુધી અમલીકરણ તબક્કો હાથ ધરવામાં આવશે, જે દરમિયાન તૈયારી કવાયત દરમિયાન ઓળખાયેલી પ્રવૃત્તિઓ નિર્ધારિત સમયમર્યાદામાં હાથ ધરવામાં આવશે. આમાં ઓળખી કાઢવામાં આવેલા સ્થળોએ સ્વચ્છતા અભિયાન હાથ ધરવા, અપ્રયલિત રેકોર્ડ્સ અને સ્ક્રેપનો નિકાલ કરવા, જગ્યા ખાલી કરવા, ઓળખી કાઢવામાં આવેલી પડતર બાબતોનું નિરાકરણ લાવવા તથા કાર્યાલય પરિસર અને સામાન્ય વિસ્તારોમાં સુધારો કરવા જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થશે. અભિયાનની પ્રગતિ પર યોગ્ય વ્યવસ્થાઓ દ્વારા દેખરેખ રાખવામાં આવશે.

5. સ્વચ્છતા માટે વિશેષ અભિયાન 6 દ્વારા, વિદેશ મંત્રાલયના તમામ અધિકારીઓ સ્વચ્છ અને કાર્યક્ષમ કાર્યસ્થળો જાળવવા, પડતર બાબતો ઘટાડવા તથા સરકારી સંસાધનોનો મહત્તમ ઉપયોગ સુનિશ્ચિત કરવા અંગેની પોતાની પ્રતિબદ્ધતાને વ્યવહારુ અને અસરકારક રીતે અમલમાં મૂકવાનું ચાલુ રાખે છે.

નવી દિલ્હી

23 સપ્ટેમ્બર, 2026